


# ભગવાનના દિવ્ય કાર્યના એક નૂતન દિવ્ય યુગનો ઉદય

૧૯૫૯ની સાલ. ભારતની સ્વતંત્રતાના ૧૨મા મહાપર્વનો એ દિવસ ૧૫મી ઑગસ્ટ હતો. યોગીબાપા મુંબઈમાં બિરાજતા હતા.

યુવાન સાહેબજી અને તેમના સર્વ અધ્યાત્મપંથી સાથીદારો ઉચ્ચ અભ્યાસ માટે વલ્લભવિદ્યાનગર આવીને વસ્યા હતા. સાહેબજી અને યુવાનોને સંબોધીને યોગીબાપાએ આ પૂર્વે અને એ પછી અનેક પત્રો પોતાના હસ્તાક્ષરમાં લખીને પાઠવ્યા હતા. આવા પત્રોમાંનો એક પત્ર યોગીબાપાએ મુંબઈથી ૧૯૫૯ની સાલની ૧૫મી ઑગસ્ટે સ્વ-હસ્તાક્ષરમાં લખ્યો. યોગીબાપાએ એ પત્રમાં લખ્યું :



``દા. સાધુ જ્ઞાનજીવનદાસજીના ઘણા હેતથી
સ્વામિનારાયણ વાચશો. અત્યારે યુવકો
૨૦ છે... બ્રહ્મ સ્થીતીવાળા છે મહારાજે
બધા યુવકોને બ્રહ્મસ્થીતી કરવા સારું
મોકલ્યા છે. તે યુવકો તમો ૨૧ ત્યાં
તૈયાર કરો - થશે જ, માટે આશીરવાદ
લીયો ને કામ શરૂ કરો...

૧૯૫૯માં જ્યારે યોગીજી મહારાજે સાહેબજીને ઉદ્દેશીને ઉપરોક્ત પત્ર લખ્યો હતો, ત્યારે સાહેબજી ૧૯ વર્ષના યુવાન હતા. તેઓના સહાધ્યાયી અધ્યાત્મપંથી સૌ મિત્રો પણ લગભગ એટલી જ ઉંમરના હતા. સામેના પાન ઉપરની છબીમાં સાહેબજી સાથે સાહેબજીના જે સહાધ્યાયી મિત્રોનાં દર્શન થાય છે, તેઓ સૌને ઉદ્દેશીને લખેલા ઉપરોક્ત પત્રમાં યોગીજી મહારાજે આ યુવાનોના જીવનના આધ્યાત્મિક ધ્યેયને સ્પષ્ટ કરી આપ્યું એટલું જ નહીં; પરંતુ, એ દિવ્ય ધ્યેયને પ્રાપ્ત કરવાની તેઓની શ્રદ્ધા અને આશીર્વાદરૂપ શબ્દો પણ લખ્યા : **"...થશે જ, માટે આશીરવાદ લીયો ને કામ શરૂ કરો !"**

યોગીજી મહારાજે ૧૯૫૯માં લખેલા એ પત્રમાં સાહેબજી અને તેમના સહાધ્યાયી અધ્યાત્મ પંથી મિત્રોનાં દિવ્ય દર્શન કરાવી જે આશીર્વાદ આપ્યા હતા, એ જ વાતને વર્ષો પછી ગુરુહરિ પરમ પૂજ્ય પપ્પાજીએ પોતાના હસ્તાક્ષરમાં લખી યોગીજી મહારાજના એ આશીર્વાદને સાકાર થયેલા પુનઃ દર્શન કરાવ્યાં, જે સામેના પાન ઉપરની છબીમાં વંચાય છે.

આ સમયગાળા દરમિયાન, ૧૯૬૪માં જ્યારે સાહેબજી અને તેમના અધ્યાત્મપંથી મિત્રો એમ.એસસી. (M.Sc.)નો અભ્યાસ કરવા સારુ વલ્લભવિદ્યાનગરમાં સરદાર પટેલ યુનિવર્સિટીની હૉસ્ટેલમાં નિવાસ કરવા આવ્યા ત્યારે યોગીજી મહારાજે સાહેબજીને આજ્ઞા કરી, 'હે જશુભાઈ ! આપણે હૉસ્ટેલમાં મંદિર કરો...!'

ભારતની આઝાદી પછીની આ ઉછરતી નવયુવાન પેઢી માટે યોગીજી મહારાજનો આ આદેશ સામાન્ય રીતે તો ગળે ઊતરે તેવો નહોતો. પરંતુ, સાહેબજી તો, યોગીજી મહારાજના શબ્દોમાં કહીએ તો, "દિવ્ય મૂરતિ" હતા. અને તેઓના સહાધ્યાયી અધ્યાત્મપંથી મિત્રો પણ એવા જ હતા. હૉસ્ટેલમાં મંદિર કરવાની યોગીજી મહારાજની આજ્ઞાને જ્યારે સાહેબજીએ પોતાના મિત્રોને કહી, ત્યારે ઝાઝી ચર્ચા-વિચારણા કર્યા વગર યુનિવર્સિટીની હૉસ્ટેલની રૂમ નં. ૧૪ પર સાહેબજીએ પસંદગી ઉતારી, અને સૌએ ભેગા મળી યોગીજી મહારાજની આજ્ઞા અનુસાર ચોવીસ કલાકથી પણ ઓછા સમયમાં સરસ મજાનું શ્રી ઠાકોરજી મહારાજનું મંદિર તૈયાર કરી દીધું. આ મંદિરમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની છબી સાથે બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ તથા બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની છબીઓ પણ પધરાવી.

યુનિવર્સિટી હૉસ્ટેલની રૂમ નં. ૧૪માં મંદિર તૈયાર થયાના બીજા દિવસે સવારે એ મંદિરમાં બિરાજતા શ્રી ઠાકોરજી મહારાજની આરતી ઉતારવાના ઉમંગ સાથે સાહેબજી, તેઓના સૌ અધ્યાત્મ પંથી મિત્રો અને હૉસ્ટેલમાં રહેતા યુવાનોએ તૈયારી આરંભી. જેમ જેમ શ્રી ઠાકોરજી મહારાજની આરતી ઉતારવાનો સમય નજીક આવતો જતો હતો, તેમ તેમ સાહેબજીના હૃદયમાં એક દિવ્ય ભાવની અનુભૂતિ સહજ થતી જતી હતી. આરતી થવાનો સમય થયો તેની થોડી જ ક્ષણો પહેલાં જે રૂમમાં શ્રી ઠાકોરજી મહારાજનું મંદિર તૈયાર કર્યું હતું, તે રૂમની બહાર એક મોટરગાડી આવવાનો અવાજ સાંભળી સાહેબજી અને કેટલાક યુવાનો બહાર આવ્યા. જોયું તો એ મોટરગાડીમાંથી સ્વયં બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજ દરવાજો ખોલી હૉસ્ટેલ તરફ પધારી રહ્યા હતા ! બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજનાં દર્શન કરી સાહેબજી અને સૌ યુવામિત્રો તો રાજી રાજી થઈ ગયા. સહજ ગોષ્ઠિ દરમિયાન બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજે જણાવ્યું કે, એ દિવસે તેઓશ્રી સંસ્થાના એક ગ્રંથના છાપકામ માટે વડતાલ તરફ જઈ રહ્યા હતા, અને સહજ પ્રેરણા પામી, તેઓશ્રી યુનિવર્સિટીની એ હૉસ્ટેલમાં નિવાસ કરતા યોગીજી મહારાજના પ્રિય યુવકોને મળવા – દર્શન તથા સત્સંગનું સુખ આપવા પધાર્યા હતા.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજ યુનિવર્સિટી હૉસ્ટેલની એ રૂમ નં ૧૪માં પધાર્યા, જ્યાં સાહેબજી અને યુવાનોએ યોગીજી મહારાજની આજ્ઞા અનુસાર શ્રી ઠાકોરજી મહારાજનું એક સુંદર મંદિર તૈયાર કર્યું હતું, અને એ નવનિર્મિત મંદિરમાં બિરાજમાન શ્રી ઠાકોરજી મહારાજની પ્રથમ આરતી ઉતારવાની તૈયારીઓ જણાતી હતી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજે યુવાનો દ્વારા નિર્મિત એ મંદિરમાં બિરાજમાન શ્રી ઠાકોરજીનાં દર્શન કર્યાં, અને જાણે તેઓની દૃષ્ટિમાં પ્રગટ દિવ્યતાથી એ મંદિરજીમાં પધરાવવામાં આવેલી છબીઓમાં પ્રાણપ્રતિષ્ઠા કરી રહ્યા ! સાહેબજીએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજને હૉસ્ટેલની એ રૂમમાં નિર્મિત મંદિરમાં બિરાજમાન શ્રી ઠાકોરજીની પ્રથમ આરતી ઉતારવાની પ્રાર્થના કરી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજે કૃપા કરી એ પ્રાર્થના સ્વીકારી, અને અત્યંત ભાવથી જાણે કે યોગીજી મહારાજની આજ્ઞાથી નિર્મિત મંદિરની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠાની આરતી ઉતારતા હોય તેવા દિવ્યભાવથી શ્રી ઠાકોરજી મહારાજની આરતી ઉતારી. સંભવતઃ, વલ્લભવિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીની એ હૉસ્ટેલની ૧૪ નંબરની રૂમમાં યોગીજી મહારાજની આજ્ઞાથી સાહેબજી અને તેઓના અધ્યાત્મપંથી મિત્રો દ્વારા નિર્માણ પામેલું આ સંસારનું એ સર્વપ્રથમ એક એવું ઐતિહાસિક મંદિર હતું, જેની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય હસ્તે શ્રી ઠાકોરજીની કૃપાથી સહજ યોજાઈ, અને તેની પ્રતિષ્ઠાની પ્રથમ આરતી પણ તેઓશ્રીના વરદ્ દિવ્ય હસ્તે અર્પણ થઈ ! એક દિવ્ય દૃષ્ટિથી જોઈએ તો સાહેબજી દ્વારા મંદિરજીના નિર્માણના આરંભની યાત્રા તો એ દિવસથી જ થઈ ગઈ હતી !

૧૯૬૪ની એ ઐતિહાસિક સાલમાં જ યોગીજી મહારાજે લખેલા એક પરમ દિવ્ય પત્રમાં સાહેબજીને સ્વહસ્તે આશીર્વાદ લખી મોકલ્યા :

 **(હે જશુભાઈ તમો સ્વામીના લાડીલા છો તો જે ધારશો તે થશે...)**

યોગીજી મહારાજના આવા પરમ દિવ્ય અદ્‌ભુત અને અભય વરદાનના અનુભવ આપણે સૌએ અનેકાનેક પ્રસંગે આજ દિન પર્યંત કર્યા છે. ભારતની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર વિક્રમ સંવત ૨૦૭૮ની આ પોષી પૂર્ણિમાએ નવનિર્મિત મંદિરજીના શિખરજી પર જે સુવર્ણમંડિત ભવ્ય કળશજી અને ધ્વજાજી સ્થાપિત થયાં છે, એ મંદિરજીના નિર્માણની આખેઆખી ગાથા પણ જાણે કે યોગીજી મહારાજના એ અભય વરદાનના સાકાર સ્વરૂપ સમાન જ રહી છે. આ ગાથાના અને સાહેબજીની જીવનગાથાના દિવ્ય સહપંથીઓ રૂપે આપણા મૂળ સદ્‌ગુરુઓ – જેમનાં દર્શન આ લેખ સાથેની છબીમાં થાય છે, તેઓ સૌ આ પૃથ્વી ઉપર સાહેબજી દ્વારા ભગવાનના કાર્યના દિવ્ય વાહક જ્યોતિર્ધરો બની રહ્યા છે.

આજે, ભારત સ્થિત અનુપમ મિશનની તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર ભવ્ય અને દિવ્ય મંદિરજીના નિર્માણની સંપન્નતા સાથે સાહેબજી દ્વારા આ પૃથ્વી ઉપર ભગવાનના દિવ્ય કાર્યનો એક નૂતન દિવ્ય યુગ ઉદય પામી રહ્યો છે. આપણા સૌનાં મહા પુણ્યોના ઉદયના પ્રતાપે આપણને આ યુગમાં જન્મ ધારણ કરવાનો, સાહેબજીના દિવ્ય સ્વરૂપની ઝાંખી પ્રાપ્ત કરવાનો, અને તેઓના વચનને યત્કિંચિત જીવવાનો અવસર ભગવાનની અપાર કૃપાથી પ્રાપ્ત થયો છે. આ અવસર આપણા જીવનમાં ભગવાનની કૃપા અને પ્રેરણાના ફળ સ્વરૂપે છે ; તેને પ્રભુના આશીર્વાદ માની, એ આશીર્વાદની દિવ્ય શક્તિના ઉપયોગ શેષ જીવન દરમિયાન આ પૃથ્વી ઉપર પ્રભુનું દિવ્ય કાર્ય, પ્રભુની રીતે, અને પ્રભુના પ્રગટ સાકાર દિવ્ય સ્વરૂપ સંતભગવંત સાહેબજીને રાજી કરવા કરીએ તેવી અભ્યર્થના શ્રી ઠાકોરજી મહારાજના ચરણે નિત્ય પ્રાર્થના રૂપે ધરતા રહીએ ! ◆

~ સાધુ મનોજદાસ



૧૯૬૪માં વલ્લભવિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીની હોસ્ટેલની રૂમ નં. ૧૪માં
બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજની આજ્ઞા અનુસાર
સાહેબજી અને સૌ સહાધ્યાયી યુવા સાથીદારો દ્વારા તૈયાર કરેલા મંદિરજીમાં
બ્રહ્મસ્વરૂપ પ્રમુખ સ્વામીજી મહારાજ દ્વારા જે મૂર્તિની પ્રતિષ્ઠા અને પ્રથમ આરતી થઈ તે પ્રસાદીની મૂર્તિ !